જય અક્ષરપતિ, જય ઘનશ્યામ, (૨)

રોમરોમમાં, લઈ લે સ્થાન... (૨) જય અક્ષરપતિ.

ભાતભાતના, જીવનમુક્તો, તારી પાસે આ...વે (૨)

પળ ન તેથી તું, અળગો રહેતો (૨) એને તું વરતા...વે

ઓ પ્રભુ ! એ, જોવાને તું (૨) દઈ દે દૃષ્ટિનાં દા...ન... જય અક્ષરપતિ.

સહપ્રવાસીને, ખૂબ ઉલ્લાસી, સાથ દઉં અવિના...શી (૨)

તું ઇચ્છે તેવી, મૈત્રી કરવા (૨) બળ દેને, બળરા...શી,

એકમના થઈ, તુંમાં રહી... (૨) કરીએ તારું કા...મ... જય અક્ષરપતિ.

સંપ, સુહૃદભાવ, નિર્દોષબુદ્ધિ, રાખી રાજી કરીએ (૨)

એકતા રાખી, માહાત્મ્ય સજી...(૨) સેવા તારી રીતે કરીએ (૨)

સુખ, શાંતિ સદા હૈયે રહે, (૨) એવું કરી દે ના...થ.... જય અક્ષરપતિ.

દીર્ઘાયુ બની ભૂમિ પરે, આ દેહે તું રહે..જે, (૨)

રોગ, વિયોગ તું સૌના ટાળીને (૨) આ સંકલ્પ પૂરો કરજે (૨)

ઓ પ્રભુ ! તું દેહે જુદો રહી (૨) કરજે અમમાં નિવા...સ... જય અક્ષરપતિ.